શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય
બ્લોક નં-03, E1, E2, F2 વીંગ,
પહેલો માળ, કર્મયોગી ભવન,
સેક્ટર ૧૦- એ, ગાંધીનગર
Web: www.col.gujarat.gov.in

ક્રમાંક:શ્ર.આ.ક/ટે.૩/૨૦૨૬/ ૧૪૨ થી ૧૬૪ તા: ૦૧/૦૪/૨૦૨૬

પ્રતિ,

(૧) અધિક શ્રમ આયુક્તશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) નાયબ શ્રમ આયુક્તશ્રી, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ
(તાબાની કચેરીઓને પરિપત્રિત કરવા સારૂ)

(૩) કચેરીની સર્વે શાખાઓ, ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨,ખાસ સેલ, બી.ઓ.સી.ડબલ્યુ અને આઈ.ટી.સેલ.

(૪) શાખાની સિલેક્ટ ફાઈલ/ પરિપત્ર ફાઈલ

**શ્રમ આયુક્ત,**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળના ખાસ ભથ્થાની જાહેરાત.**

લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર હવે **તા.૦૧-૦૪-૨૦૨૬ થી તા.૩૦-૦૯-૨૦૨૬** સુધીના સમય માટે નીચે મુજબ રહેશે.

| ક્રમ | અનુસૂચિત વ્યવસાય/વ્યવસાય | ખાસ ભથ્થાના દૈનિક દર (રૂા. પૈસા ) |
|---|---|---|
| ૧ | ૪૬ અનુસૂચિત વ્યવસાય, શીપ બ્રેકીંગ તથા સ્વીપીંગ અને કલીનીંગ કામની વ્યવસાય (વ્યવસાય) | રૂા.૬૦.૫૦/- |
| ૨ | ૦૭ અનુસૂચિત વ્યવસાય (૧.ઈંટ ઉત્પાદન, ૨.જરી ઉદ્યોગ, ૩.રેડી મેડ ગારમેન્ટ, ૪.મીઠા ઉદ્યોગ, ૫.તમાકુ અને બીડી બનાવવાનો ઉદ્યોગ તથા ૬.કૃષિ વ્યવસાય) | રૂા.૧૪૬.૦૦/- |

આમ, અનું નં ૧ અને ૨ ની સામે દર્શાવેલ વ્યવસાયોમાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાનના ખાસ ભથ્થાના દૈનિક દર જાહેર કરવામાં આવે છે.

નાયબ શ્રમ આયુકત
અને લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮
અન્વયેના સક્ષમ અધિકારી, ગાંધીનગર

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય
બ્લોક નં-03, E1, E2, F2 વીંગ,
પહેલો માળ, કર્મયોગી ભવન,
સેક્ટર ૧૦- એ, ગાંધીનગર
Web: www.col.gujarat.gov.in

ક્રમાંક:શ્ર.આ.ક/ટે.૩/૨૦૨૬/ ૯૬૫ તા: ૦૧/૦૪/૨૦૨૬

# પરિપત્ર

## કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ હેઠળના લઘુત્તમ વેતન દર બહાર પાડવા બાબત.

આથી જણાવવાવમાં આવે છે કે, કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ હેઠળ કોન્ટ્રાકટરોને આપવામાં આવતા લાયસન્સની શરત નં(૪)માં સ્પષ્ટ જણાવ્યા મુજબ લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જે અનુસૂચિત વ્યવસાયો માટે સરકારશ્રીએ લઘુત્તમ વેતન નકકી કરેલ છે. તેવા વ્યવસાયોમાં કામે રાખતા કોન્ટ્રાકટરોએ તેમના શ્રમયોગીઓને જે-તે અનુસૂચિમાં સરકારે નકકી કરેલ લઘુત્તમ વેતન દરે પગાર તથા વખતો વખત જાહેર થતું જીવનનિર્વાહ ભથ્થું ચૂકવવાનું રહે છે. પરંતુ જે વ્યવસાયોનો લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળની અનુસૂચિમાં સમાવેશ થતો ન હોય તેવા વ્યવસાયોમાં સંકળાયેલ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને આ પરિપત્રથી નકકી થયા મુજબનું વેતન ચૂકવવાનું રહેશે.

લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ જાહેર થયેલ અનુસૂચિત વ્યવસાય સિવાયના વ્યવસાયમાં કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ના નિયમ-૨૩ અન્વયે આપવામાં આવતા લાયસન્સની શરત નં(૬) થી મળેલ સતાની રૂએ, શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરે શ્રમયોગીઓને ચૂકવવાની થતી મજૂરીના દર નીચે મુજબ નકકી કરેલ છે. જે તા.૨૪-૦૪-૨૦૨૩થી અમલમાં છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક મૂળ વેતન દર (રૂ./-) | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧ | કુશળ | ૪૭૪.૦૦ | ૪૬૨.૦૦ |
| ૨ | અર્ધ કુશળ | ૪૬૨.૦૦ | ૪૫૨.૦૦ |
| ૩ | બિન કુશળ | ૪૫૨.૦૦ | ૪૪૧.૦૦ |

### આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ

(ક) ઝોન-૧ ગુજરાત રાજયમાં, ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોર્પોરેશનની હદોની અંદરના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સતામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

(ખ) ઝોન-૨ માં,ઝોન-૧ માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજયના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

ઉકત નકકી કરવામાં આવેલ વેતનદરો ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને જીવન-નિર્વાહ ખર્ચ આંક સાથે સંકળાયેલ ખાસ ભથ્થું આપવાનું રહે છે. આથી નિયત કરેલ મૂળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારિત આપવાનું ખાસ ભથ્થું તા.૦૧.૦૪.૨૦૨૬ થી તા.૩૦.૦૯.૨૦૨૬ સુધીના ૬ (છ) માસના સમય માટે દૈનિક રૂ.૬૦.૫૦ (અંકે સાઈઠ રૂપિયા અને પચાસ પૈસા પૂરા) લેખે લાયસન્સની શરત નં.૬ હેઠળ મળેલ સતાની રૂએ નકકી કરવામાં આવે છે. જે ઠરાવેલ વેતનના દરની રકમ ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને ચૂકવવાના રહેશે. આ હુકમનો સબંધિત કોન્ટ્રાકટરો અમલ કરે તે જોવા આથી જણાવવામાં આવે છે.

શ્રમ નિયામક
ગુજરાત રાજય, ગાંધીનગર.

ક્રમાંક:શ્ર.આ.૬/ટે-૩/૨૦૨૬/૯૬૬ થી ૯૮૮ તા. ૦૧/૦૪/૨૦૨૬

નકલ રવાના:

(૧) અધિક શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૨) નાયબ શ્રમ આયુકતશ્રી, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ
(તાબાની કચેરીઓને જાણ કરવા સારૂ)

(૩) કચેરીની સર્વે શાખાઓ,૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨, ખાસ સેલ, બી.ઓ.સી.ડબલ્યુ અને આઇ.ટી.સેલ

(૪) શાખાની સિલેકટ ફાઇલ/પરિપત્ર ફાઇલ

રવાના કરવા પ્રમાણિત કર્યુ.

01/04/2026

મદદનીશ શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર